જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૧/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૫૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૫ | ૧ | ૧૦૬૯૫ | ૧૬૮૨૯ | ૧ | ૧૬૮૩૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૪૯ | ૧ | ૧૫૩૫૦ | ૧૬૧૯૨ | ૧ | ૧૬૧૯૩ |
| કુલ | | ૩૦૪૪૨ | ૨ | ૩૦૪૪૪ | ૩૯૧૦૮ | ૨ | ૩૯૧૧૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૮ | ૧૧,૮૬,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૫૦ | ૭,૫૦,000/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## અમદાવાદ શહેર તથા અસલાલી લાંભા વિસ્તારમાથી ઓટો રીક્ષાઓની ચોરી કરતા ઈસમને ચોરી કરેલ બે ઓટો રીક્ષા સાથે પકડી પાડતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીતકુમાર વિશ્વકર્મા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડનાઓ તથા સ્કોડના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન અ.પો.કો. મનિષભાઈ તથા અ.પો.કો. કેતનભાઈનાઓને મળેલ બાતમી હકીકત મળેલ કે...

એક ઈસમ નામે મુસ્તાકખાન સ/ઓ મુજફ્ફરખાન પઠાણ ઉ.વ. ૨૨ રહે. એસ.ટી. વર્કશોપની સામે, મેલડીમાતાના મંદિરની પાછળના કાચા છાપરામાં બહેરામપુરા દાણીલીમડા અ'વાદ શહેરનાનો કોઈ જગ્યાએથી ઓટો રીક્ષાઓની ચોરી કરી પોતાના અંગત ઉપયોગમાં વાપરી રહેલ છે.

જે બાતમી હકીકત આધારે સદર ઈસમને તા.૧૨/૧૧/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગ્યે પકડી તેની પાસેથી બે ઓટો રીક્ષા કુલ કિ.રૂ. ૫૫,૦૦૦/- ની રીકવર કરવામાં આવેલ છે. જે બન્ને ઓટો રીક્ષા બાબતે સદર ઈસમની પુછપરછ કરતા એક ઓટો રીક્ષા અસલાલી પોલીસ સ્ટેશન તથા અન્ય બીજી રીક્ષા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ.

જે આધારે ખાતરી તપાસ કરતા અસલાલી પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં.૧૧૧૯૨૦૦૨૨૦૧૨૩૬/૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ છે. તેમજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી કરાવા જાણ કરવામાં આવે છે.



# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

## ઇંગ્લીશ દારૂની હેરાફેરીમાં સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી ખાસ જેલ ભુજ પાલારા જેલ મોકલી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી રાહુલ ઉર્ફે ટાપો શ્રવણભાઇ જાતે રાઠોડ (ઠાકોર) ઉ.વ.૨૪ રહે- કોયલી તલાવડીના છાપરા ના જી.ઇ.બી સબ સ્ટેશનની પાછળ નારોલ અમદાવાદ શહેર,મુળ વતન-ગામ –સાંકડા તા.જી-પાટણ નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/ ૧૧૭૨/૨૦૨૦ તા.૧૧/૧૧/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાતીને આજરોજ બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ જેલ ભુજ પાલારા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૧૧/૧૧/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે. પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા રામનરેશભાઇ રામદાસ બં.નં. ૫૩૪૪



## વટવા પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે.દાખલ થયેલ વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૦૫૫૫/૨૦૨૦ પ્રોહી એક્ટ કલમ- ૬૫(ઈ),૮૧, ૯૮(૨) મુજબના ગુનામાં આરોપી બળવંતભાઈ સ/ઓ નવઘણભાઈ મથુરભાઈ જાતે-ચુનારા ઉવ.૨૧ રહે- નાનો ચુનારાવાસ, ૨૫ ઓરડી, કઠવાડા, તા.જી.ખેડાનાઓગુજરાત રાજ્યમાં દારુ બંધી હોવા છતાં અમદાવાદ શહેર બહારથી દેશી દારુ અમદાવાદ શહેરના વટવા તેમજ અન્ય વિસ્તારોમાં દારુ લાવી વેપાર કરતા હોય આરોપી વિરુદ્ધ આવી અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા સારુ તેમજ દારુની બદી દુર કરવા તેમજ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા સારુ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રીઅમદાવાદ શહેરનાઓએ કચેરીનાપાસાઅટકાયતીહુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૩/૨૦૨૦ તા.૧૧/૧૧/૨૦૨૦ નારોજ મધ્યસ્થ જેલ વડોદરા ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૧/૧૧/૨૦૨૦ નારોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ વડોદરાખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૫૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૪ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૫૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૫૯/૨૦૨૦**

**નારણપુરાઃ** હિતેશ સુભાષચંદ્ર શાહ (રહે.કેશલ રેસીડેન્સી કેશવનગર સુભાષબ્રિજ પાસે રાણીપ) એ તા.૧૧/૧૧/૨૦૨૦ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૦ સાજના ૬/૦૦ થી તા.૦૪/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા સરદાર પટેલ બાવલા ચાર રસ્તા પાસે શિવસાગર કોમ્પલેક્ષના બીજા માળે આવેલ ઓફિસ નંબર-૨૦૬ પાર્થ્વે ડીઝાઇન નામની કંપનીની ઓફિસના ટોઇલેટની બારીના કાચ કાઢી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ડ્રોઅરમાંથી આશરે રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**કાગડાપીઠઃ** સચિનભાઇ ચંદ્રકાન્ત ગુપ્તા (રહે.સુરજીત સોસાયટી ઇન્ડિયા કોલોની ઠક્કરબાપાનગર રોડ બાપુનગર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન ગીતામંદિર હબટાઉનમાં દુકાન નંબર-૨૧૦, બ્લોક નંબર-"બી" બીજો માળ, પ્રિતી મોબાઇલ એસેસરીઝ નામની દુકાનના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી લીનોવો કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**ચોરી :** **સમાચાર યાદી નં.૧૯૬૦/૨૦૨૦**

**સરખેજઃ** સુમીતભાઈ બીપીનચંદ્ર ત્રિવેદી (રહે.રોયલ ઓર્ચીડ એપાટમેન્ટ કોરપોરેટ રોડ પ્રહલાદનગર આનંદનગર) એ તા.૧૧/૧૧/૨૦૨૦ સાજના ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન એસ.પી.રીંગ રોડની બાજુમાં આવેલ ઓ-સેવન કલબ રોડ ઉપર આવેલ ઓર્ચીડ સ્કાઈ નામની નવી બનતી બિલ્ડીંગ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ સુમીતભાઇ ત્રિવેદીએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-　　　　　સમાચાર યાદી નં.૧૯૬૧/૨૦૨૦

**વસ્ત્રાપુરઃ** ઉર્વશીબહેન વા/ઓ જયમીતકુમાર પારેખ (ઉ.વ.૨૭) (રહે. ગોકુલનગર આદીનાથનગર ઓઢવ) તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે સરકારી વસાહતના દરવાજા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉર્વશીબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૪,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉર્વશીબહેન પારેખ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**માધવપુરાઃ** રાજેન્દ્રકુમાર અભયસિહ લોંધા (રહે.અંબાલાલ જીવરામની ચાલી મોજડી બજાર માધવપુરા ચોક માધવપુરા) તા.૧૧/૧૧/૨૦૨૦ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે માધવપુરા ચોક ભાથીજી મહારાજના મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજેન્દ્રકુમારના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજેન્દ્રકુમાર લોંધા એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

## વાહન ચોરી :　　　　　સમાચાર યાદી નં.૧૯૬૨/૨૦૨૦

**વસ્ત્રાપુરઃ** જયેશકુમાર વાસુભાઇ રબારી (રહે. ઇશ્વરબાગ ઓઢવ કો.ઓ. હાઉસિંગ સોસાયટી છગનભાઇની વાડીની બાજુમા, અર્બુદાનગર ઓઢવ) એ તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગે બોડકદેવ સહજ એપાર્ટમેન્ટ સામે અમદાવાદ ઇન્ટરનેશનલ સ્કુલ વાળી ગલીમા પોતાની મારૂતી સુઝુકી ઇકો ગાડી નંબર જીજે ૨૭ એક્સ ૫૩૫૯ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૧૧/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જયેશકુમાર રબારી એ તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ખત્રી ચલાવે છે.

## ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-　　　　　સમાચાર યાદી નં.૧૯૬૩/૨૦૨૦

**અમરાઇવાડીઃ** અખલાક શકીલઅહેમદ અંસારી (ઉ.વ.૨૭)(રહે.અલસામીયા પાર્ક જીયા મસ્જીદ પાસે વટવા) તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ અમરાઇવાડી ખોખરા સર્કલ પાસે આવેલ સફલ બીજનેશ પાર્કના ત્રીજા માળે ધાબા ઉપર લોખંડના શેડને વેલ્ડીંગ કરવાનુ કામ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૦ બપોરના ૩/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવિરસિહ ચલાવે છે.

**ભુલથી કેમીકલ પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૪/૨૦૨૦**

**સરદારનગરઃ** સરદારનગર કુબેરનગર કુબેરનગર રેલ્વે સ્ટેશનની સામે સંતોષીનગર ખાતે રહેતા અશોકભાઇ ચતુરભાઇ સલાટ નાઓની અઢી વર્ષની પુત્રી પ્રિતિબહેન તા.૧૦/૧૧/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની બોટલ સમજી કલરમા નાખવાનુ પ્રવાહી કેમીકલ પી જતા, શરીરે અસર થતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૫૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૫/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** ચીત્રાબહેન વા/ઓ જાનુભાઇ જીવરાણી (ઉ.વ.૩૬) (રહે.બંગલા નંબર-૮ નારાયણ બંગલો સામે પાર્ટ રીવ્યુ ફ્લેટ સામે, અર્હમ બંગલોની સામે ઝાયડસ હોસ્પીટલ સામે થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** અમૃતકુમાર મોહનભાઇ પરમાર (ઉ.વ.૫૩) (રહે. સીજ મયુર પાર્ક સોસાયટી દાણીલીમડા) એ બિમારીથી કંટાળી તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે બાબા લવલવિની દરગાહ પાસે સ્કાય લાઇન પાસે રિવરફ્ન્ટ વોક વે રેમ્પ નંબર-૨ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભાગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** (૧) ધૃવીબહેન ડૉ/ઓ વિક્રમભાઇ વાઘમારે (રહે.પીર હાઉસીંગ સોસાયટી નીકકંઠ સોસાયટી સામે ભાટ ગામ ગાંધીનગર) અને (૨) કૈલાશભાઇ સ/ઓ ગીરીશભાઇ વાઘેલા (રહે."જી" વોર્ડ, મહાકાલેશ્વર મંદીરની બાજુમાં, કુબેરનગર)એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા ઇન્દીરાબ્રીજ ઉપરથી પડતુ મુક્યુ હતુ. જેમાં ધૃવીબહેનનુ ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતુ જયારે કૈલાશભાઈનુ સારવાર દરમ્યાન સીવીલ હોસ્પીટલ ખાતે મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રિવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**ઓઢવઃ** મહેન્દ્રભાઈ વલ્લભભાઈ અધડુક (ઉ.વ.૪૩)(રહે.માધવ રેસીડેન્સી લંગડીયા હનુમાન મંદીર પાસે વિરાટનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ શહજાનંદ એસ્ટેટ શેડ નં-૧૬ ના પહેલા માળે છતની પાઈપ સાથે પ્લાસ્ટીકની પટ્ટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

**વટવાઃ** માનશી ડો/ઓ રવિભાઇ પટેલ (ઉ.વ.૧૫) (રહે. ગ્રાઉન્ડ ફ્લોર સદભાવના ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી